| | |
|---|---|
| દાખલ તારીખ : | ૦૮/૦૭/૨૦૨૨ |
| નોંધ્યા તારીખ: | ૦૮/૦૭/૨૦૨૨ |
| ફેંસલ તારીખ : | ૦૬/૦૨/૨૦૨૪ |
| સમય : | વર્ષ માસ દિવસ |

**આણંદ જિલ્લાના મહે. અધિક સેશન્સ જજ સાહેબની અદાતલમાં, મુ. પેટલાદ.**

**સેશન્સ કેસ નંબર: ૧૫/૨૦૨૨**

**આંક :**

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **ધી સ્ટેટ ઓફ ગુજરાત** |
| | વિરુદ્ધ |
| **આરોપીઓ :–** | **(૧)હેતલબેન નિલેશભાઈ અંબાલાલ સોલંકી,** ઉ. વ. ૨૨,<br>રહે. વિરોલ , હાલ રહે. મઘરોલ, તા. સોજીત્રા, જી. આણંદ<br>**(૨)પુનમભાઈ અંબાલાલ રાઠોડ,** ઉ. વ. ૪૭,<br>રહે. મું. મઘરોલ, હે. પોસ્ટ ઓફીસવાળું ફળીયું,<br>તા. સોજીત્રા, જી. આણંદ.<br>**(૩)ચંપાબેન પુનમભાઈ અંબાલાલ રાઠોડ,** ઉ. વ. ૪૬,<br>રહે. મું. મઘરોલ, હે. પોસ્ટ ઓફીસવાળું ફળીયું,<br>તા. સોજીત્રા, જી. આણંદ.<br>**(૪)બ્રિજેશભાઈ ઉર્ફે રામુ મનોરભાઈ પઢીયાર,** ઉ. વ. ૩૨<br>રહે. મુ. વિરોલ, હે. રણછોડજીવાળુ ફળીયું, તા. પેટલાદ,<br>જી. આણંદ. |

આરોપ : ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૬ તથા ૧૧૪ મુજબ

---

**સમક્ષ: શ્રી એસ. એમ. ટાંક, અધિક સેશન્સ જજ સાહેબ, મુ. પેટલાદ.**

**<u>ફરીયાદપક્ષ તરફે વિ. એ. પી. પી. કુ. જે. એચ. રાઠોડ</u>**

**<u>આરોપી નં. ૧ થી ૩ તરફે વિ. વ. શ્રી વી. ડી. મકવાણા</u>**

**<u>આરોપી નં. ૪ તરફે વિ. વ. શ્રી એન. આર. વસાવા</u>**

**<u>:: ઠરાવ ::</u>**

(૧) આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ તથા ૧૧૪ મુજબના ગુના સબબનું આંક–૦૮ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ત્રણ ભાઇઓ છે, જેમાં સૌથી મોટા તેઓ છે, તેઓથી નાના નિલશેભાઇ તથા સૌથી નાનો કલ્પેશભાઇ છે. ફરીયાદીના નાનાભાઇ નિલેશભાઇ(મરણનાર)ના લગ્ન મઘરોલ, તા. સોજીત્રા ખાતે રહેતા પુનમભાઇ અંબાલાલ રાઠોડની દીકરી હેતલબેન સાથે ચારેક વર્ષ પહેલા થયેલા હતાં. તેને સંતાનમાં એક દિકરો અંશ ઉ. વ. ૧૮ માસનો છે. ફરીયાદીના ગામના નહેર વિસ્તારમાં તેઓની ખેતીની જમીન આવેલી છે. તા. ૨૧/૧૨/૨૦૨૦ ના રોજ રાત્રીના જમી પરવારીને આશરે દસેક વાગ્યાના સુમારે ફરીયાદી સુઇ ગયેલા. બીજા દિવસે તા. ૨૨/૧૨/૨૦૨૦ ના રોજ વહેલી સવારના જાગી ગયેલા અને ત્યારબાદ સવારે નવ વાગ્યાની આસપાસ તેઓએ તેમની મમ્મીને નિલેશ વિશે પુછતાં તેઓની મમ્મીએ તેણીને ખબર ન હોવાનું જણાવેલ. આ નિલેશભાઇ ઘણીવાર તેમના મિત્ર શૈલેષભાઇ ઉદેસિંગ ચૌહાણનાઓના ઘરે જતો આવતો હોય તેથી ફરીયાદીએ તેઓને ફોન કરીને તેઓના ભાઇ નિલેશભાઇ વિશે પુછપરછ કરવા ફોન કરેલો પણ ફોન બંધ આવતો હતો. ફરીયાદીએ તેમના કુટુંબીભાઇ ત્રૃત્વીકને શૈલેષભાઇના ઘરે નિલેશભાઇની તપાસ કરવા મોકલેલા. આ ઋુત્વીકે જણાવેલ કે તેઓ નિલેશભાઇની તપાસ કરી ઘરે આવતાં હતાં ત્યારે તેઓના પિતા રસ્તામાં મળેલા અને કહેલ કે નહેરવાળા ખેતરમાં ખેતરના શેઢે આવેલ લીમડાના ઝાડ ઉપર નિલેશભાઇની લાશ સાડી વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં લટકે છે, તેવું જણાવતાં ફરીયાદી તથા

ઋૃત્વીક બનાવવાળી જગ્યાએ જઈને જોતાં નિલેશભાઈનીની લાશ લટકતી હતી. ફરીયાદી તથા તેમના કુટુંબીજનોએ લાશ નીચે ઉતારી ધર્મેશભાઈની રીક્ષામાં ઘરે લાવી ઘરની ઓસરીમાં સુવડાવેલ ત્યારે પેન્ટના ખીસ્સામાંથી વસ્તુઓ કાઢી ઘરે મુકેલી અને પોલીસને જાણ કરતાં પોલીસ આવી ગયેલી અને જરૂરી કાર્યવાહી કરી નિલેશભાઈનું પી. એમ. સરકારી હોસ્પીટલમાં કરાવી તેની લાશ સોંપેલી. ત્યારબાદ લાશની અંતિમ ક્રિયા કરેલ હતી. ફરીયાદીએ ઘરે આવીને તેમના ભાઈના પેન્ટના ખિસ્સામાંથી વસ્તુઓ લઈ ઘરે મુકેલી તે વસ્તુ જોતાં તેમા એક ચીઠ્ઠી મળી આવેલી. જે ચીઠ્ઠી વાંચતા તેમાં લખેલ હતું કે "સવિનય સાથે જણાવવાનું કે મારા ગરમાં મારી બાયડી ફાવે તેવા વર્તન બધા મારા ઘરના સાથે ફાવે તેવા વર્તન કરે છે મારી બાયડીનો ત્રાસ વધારે છે એટલે મારે આ પગલું ભરવું પડયું છે. કે મારા ઘરનો કોઈ વાંક નથી કે આડોસ પાડોસ નો પણ કોઈ વાંક નથી ને હુ હોય કે ના હોય પણ મારો છોકરો મારા મા બાપને આપી દેવા વિનંતી છે મારા મોતનું કારણ હોય તો ત્રણ વ્યકિત છે (૧) મારી બાયડી (૨) મારા સસરા (૩) મારી સાસુ અને એમાં ચડવણી મારા સસરાની છે. લી. નીલેશ.'' આ ચીઠ્ઠી ફરીયાદીના ભાઈએ લટકી ગયા પહેલા લખેલી હતી જેથી ચીઠ્ઠી તેઓએ પોલીસને આપેલી તેમજ તેમના ભાઈએ મરતાં પહેલા લખેલ ચોપડો પણ પંચોની હાજરીમાં કબજે લઈ ગાંધીનગર એફ. એસ. એલ. હસ્તાક્ષર વિભાગમાં તપાસણી માટે મોકલી આપેલો અને ત્યાંથી તપાસણી થઈ સર્ટીફીકેટ આવેલ અને આ સ્યુસાઈડ નોંટ ફરીયાદીના ભાઈએ જ લખેલ હોવાનું તપાસણી દરમ્યાન જણાઈ આવેલ. ફરીયાદીની ફરીયાદ મુજબ બનાવના દોઢ વર્ષ પહેલા તેમના ભાઈ નિલેશભાઈ અને તેઓને જાણવા મળેલ કે હેતલને તેમના ગામના બ્રિજેશભાઈ મનોરભાઈ પઢીયારની સાથે આડા સબંધ છે. બ્રિજેશભાઈના પત્ની તેમના ગામના સરપંચ છે. હેતલને આધારકાર્ડ અને ચુંટણીકાર્ડ કઢાવવા હોય તે બ્રિજેશભાઈ સાથે પેટલાદ આવતી જતી હતી ત્યારે તેઓની સાથે આડાસબંધ બંધાયેલાં. ત્યારથી હેતલ ઘરના કામકાજ ઓછા કરી નાંખી ઘરના સભ્યો સાથે ઝઘડાઓ કરતી હતી. નિલેશભાઈ કામકાજ માટે ઠપકો કરતાં તો તેણી તેના મા–બાપ ને બોલાવી લેતી હતી. આ હેતલના

મા–બાપ આવી તેણીનું ઉપરાણું લઈ ફરીયાદીના ઘરના માણસો તથા નિલેશભાઈ સાથે ઝઘડો કરતાં અને પોલીસમાં કેસ કરવાની ધાકધમકીઓ આપતાં હતાં. ફરીયાદીની ફરીયાદ મુજબ તેમનો ભાઈ નિલેશભાઈ ઘર સંસાર ન બગડે તે માટે હેતલને તેની પાસે રાખતો હતો અને બધુ સહન કરતો હતો. આ હેતલ ફરીયાદીનો ભાઈ નિલેશભાઈ કામ ધંધો જતો હતો ત્યારે તેણી કોઈને કહયા વગર ઘરેથી નીકળી જતી હતી અને મન ફાવે ત્યારે ઘરે પરત ફરતી હોય જે બાબતે નિલેશભાઈએ તેણીને ટકરો કરતાં હેતલ ઝઘડાઓ કરતી હતી. આ વાતને લઈને હેતલના મા–બાપ આવેલા અને કેસ કરવાની ધમકીઓ આપતા હતાં. અગાઉ આ હેતલે ફરીયાદીના ભાઈ સામે પોલીસ ફરીયાદ પણ કરેલી. ફરીયાદીની ફરીયાદ મુજબ તેઓનો ભાઈ આ બધો ત્રાસ સહન કરતો હતો. ફરીયાદીના ભાઈ નિલેશભાઈને ગામના બ્રિજેશભાઈ મનોરભાઈ સાથે આડાસબંધની જાણ થતાં નિલેશભાઈએ આ બાબતે ઠપકો આપતાં હેતલબેને ઝઘડો કરી તેમના મા–બાપને બોલાવતા તેણીના મા–બાપે પણ તેણીનો પક્ષ લઈ પોલીસ કેસ કરવાની ધમકીઓ આપેલી હતી. આ બધો ત્રાસ ફરીયાદીના ભાઈથી સહન ન થતાં ચારેયએ તેમના ભાઈને મરવા માટે મજબુર કરતાં તેમના ભાઈએ સુસાઈડ નોટ લખીને તેઓના ખેતરના લીમડાના ઝાડ ઉપર સાડી વડે ગળે ફાંસો ખાઈને મરણ ગયેલ હોય, ચારેય વિરૂધ્ધ ફરીયાદીએ પો. સ. ઈ., શ્રી વી. જી. દેસાઈ રૂબરૂ ફરીયાદ નોંધાવેલી. તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, જરૂરી પંચનામાઓ કરેલા, તેમજ એફ. એસ. એલ. પુરાવાઓ એકઠાં કરી આરોપીઓની ઘરપકડ કરી,. તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં તા. ૦૩/૦૮/૨૦૨૧ ના રોજ પેટલાદના મહેરબાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ શ્રી સમક્ષ ચાર્જશીટ ફાઈલ કરેલુ. ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા ગુનાઓની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોય, હકુમતવાળા મહેરબાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ શ્રીએ હાલનો કેસ અત્રેની સેશન્સ કોર્ટને કમીટ કરેલો.

(૩) આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૬ તથા ૧૧૪ મુજબનાં ગુનાઓ દશાવતું તહોમતનામું આંક–૮ થી ફરમાવવામાં આવેલ. આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈનકાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આરોપીઓ સામેનો કેસ સાબિત કરવા ફરીયાદપક્ષના પુરાવા રજુ કરવા મુકરર કરવામાં આવેલ.

(૪) ફરીયાદ પક્ષે આરોપીઓ સામે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| ક્રમ | : મૌખિક પુરાવાની વિગતો : | આંક |
|---|---|---|
| ૧. | ડોકટર પારસ આર. સોલંકી (પી. એમ. કરનાર) | ૧૩ |
| ૨. | અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવા (એફ. એસ. એલ. અધિકારી) | ૧૭ |
| ૩. | જીગ્નેશભાઈ રાવજીભાઈ પટેલ (આંક–૨૧ વાળા પંચનામાના પંચસાહેદ) | ૨૦ |
| ૪. | નીકુલ હરમાનભાઈ ચૌહાણ (આંક–૨૧ વાળા પંચનામાના પંચસાહેદ) | ૨૨ |
| ૫. | મહેશભાઈ રાવજીભાઈ રાઠોડ (આંક–૨૪ વાળા પંચનામાના પંચસાહેદ) | ૨૩ |
| ૬. | રાજેન્દ્રભાઈ સોમાભાઈ પઢીયાર (આંક–૨૫ વાળી ચીઠ્ઠી કબજે કર્યાના પંચસાહેદ) | ૨૭ |
| ૭. | કનુભાઈ પરસોત્તમભાઈ સોલંકી (આંક–૨૯ વાળા પંચનામાના પંચસાહેદ) | ૨૮ |
| ૮. | રમણભાઈ પરસોત્તમભાઈ રાઠોડ (આંક–૨૯ વાળા પંચનામાના પંચસાહેદ) | ૩૦ |
| ૯. | રમેશભાઈ ઈશ્વરભાઈ રાઠોડ (આંક–૩૨ વાળા પંચનામાના પંચસાહેદ) | ૩૧ |
| ૧૦. | સુનીલભાઈ વાઘજીભાઈ જાદવ (આંક–૩૨ વાળા પંચનામાના પંચસાહેદ) | ૩૩ |
| ૧૧. | અલ્પેશકુમાર અંબાલાલ સોલંકી (ફરીયાદી/મરણજનારના ભાઈ) | ૩૬ |
| ૧૨. | સીતાબેન અંબાલાલ સોલંકી (ફરીયાદીના માતા) | ૩૮ |

| | | |
|---|---|---|
| ૧૩. | અંબાલાલ મેલાભાઇ સોલંકી (ફરીયાદીના પિતા) | ૩૯ |
| ૧૪. | હેમાબેન વીપુલભાઇ સોલંકી (ફરીયાદીના કુટુંબી બહેન) | ૪૨ |
| ૧૫. | મોહનભાઇ ઉર્ફે કાભઇભાઇ સોલંકી (ફરીયાદીના કુટુંબી કાકા) | ૪૩ |
| ૧૬. | ઋુત્વીક મોહનભાઇ સોલંકી (ફરીયાદીના કુટુંબી ભાઇ) | ૪૪ |
| ૧૭. | શૈલેષભાઇ ઉદેસિંહ ચૌહાણ (મરણજનારના મિત્ર) | ૪૫ |
| ૧૮. | તારક યોગેશકુમાર શાહ (હસ્તાક્ષર નિષ્ણાંત) | ૪૬ |
| ૧૯. | વાસુભાઇ ગાંડાભાઇ દેસાઇ (તપાસ કરનાર અધિકારી) | ૫૩ |
| **ક્રમ** | **: દસ્તાવેજી પુરાવાની વિગતો :** | **આંક** |
| ૧. | મેડીકલ ઓફીસર સીમરડા પી. એચ. સી. ને કરેલ યાદી | ૧૪ |
| ૨. | પી. એમ. રીપોર્ટ | ૧૫ |
| ૩. | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | ૧૬ |
| ૪. | સ્થળ પરિક્ષણનો અહેવાલ | ૧૮ |
| ૫. | ઇન્કવેસ્ટ પંચનામુ | ૨૧ |
| ૬. | સુસાઇડ નોટ કબજે કર્યા બાબતનું પંચનામું | ૨૪ |
| ૭. | સુસાઇડ નોટ | ૨૫ |
| ૮. | પંચ સ્લીપ | ૨૬ |
| ૯. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૯ |
| ૧૦. | કુદરતી લખાણ કબજે કર્યા બાબતનું પંચનામું | ૩૨ |
| ૧૧. | પંચ સ્લીપ | ૩૪ |
| ૧૨. | ફરીયાદ | ૩૭ |
| ૧૩. | હેન્ડ રાઇટીંગ એક્ષ્પર્ટને લખેલ યાદી | ૪૭ |
| ૧૪. | એફ. એસ. એલ. ની પહોંચ | ૪૮ |
| ૧૫. | એફ. એસ. એલ. નો ફોરવડીંગ પત્ર | ૪૯ |
| ૧૬. | એફ. એસ. એલ. નો રીપોર્ટ | ૫૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | એફ. એસ. એલ. નો રીપોર્ટ | ૫૧ |
| ૧૮. | અસલ જાહેરાત | ૫૪ |
| ૧૯. | ઈન્કવેસ્ટ પંચનામા માટેની યાદી | ૫૫ |
| ૨૦. | મરણોત્તર ફોર્મની સ્થળપ્રત | ૫૬ |
| ૨૧. | વી. એચ. એફ. મેસેજ | ૫૭ |
| ૨૨. | તપાસ સંભાળવા માટેની યાદી | ૫૮ |
| ૨૩. | કોલ ડીટેઇલ મેળવવા માટે ભરેલ ફોર્મ | ૫૯ |
| ૨૪. | હેન્ડ રાઈટીંગ વિભાગને કરેલ યાદી | ૬૦ |
| ૨૫. | ચેકલીસ્ટ | ૬૧ |
| ૨૬. | રવાનગી પત્રક | ૬૨ |

(૫) ત્યારબાદ વિ. એ. પી. પી. . શ્રી એ આંક–૬૩ થી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાની પુરશીષ તા. ૧૧/૦૯/૨૦૨૩ ના રોજ આપેલ છે.

(૬) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીઓનો વિશેષ પુરાવો ક્રિ. પ્રો. કોડ કલમ – ૩૧૩ હેઠળ લેવામાં આવેલ જેમાં આરોપીઓ સામે જે આક્ષેપો કરવામાં આવેલ તે તમામ આક્ષેપોનો આરોપીઓએ ઈનકાર કરેલ. બચાવ પક્ષે આરોપીઓએ કોઈ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો રજુ કરેલ નથી. વિશેષમાં આરોપીઓએ જણાવેલ કે, અમારી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલુ.

(૭) ત્યારબાદ બન્ને પક્ષના વિદ્વાન ધારાશાસ્ત્રીઓની લંબાણપૂર્વકની દલીલો સાંભળવામાં આવી.

(૮) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના મરણજનારનું મૃત્યું અકુદરતી સ્વરૂપનું હતું?

(૨) ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નંબર-૧ ને આરોપી નંબર-૪ સાથે આડા સબંધ હોય તથા આરોપી નંબર-૧ થી ૪ નાઓએ આ કામના આરોપીઓ મરણ જનારને હેરાન પરેશાન કરી ત્રાસ આપી મરણજનારને મરવા માટે મજબુર કરતાં મરણજનારે પોતાના ખેતરમાં લીમડાના ઝાડ સાથે સાડી વડે ફાંસો ખાઇ જઇ આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરી ભારતીય દંડ સંહિતાની કલમ - ૩૦૬ તથા ૧૧૪મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ ?

(૯) આ કામે રજુ થયેલ પુરાવાઓ તથા કરવામાં આવેલ દલીલોનું કાળજીપૂર્વકનું મુલ્યાંકન કરતા ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧) શંકાસ્પદ

(૨) નકારમાં

(૩) અંતિમ હુકમ મુજબ

**: : કારણો : :**

**<u>મુદા નંબર-૧</u>**

(૧૦) મરણજનાર નિલેશભાઇનું મૃત્યુ અકુદરતી સ્વરૂપનું હતું તે પુરવાર કરવા ફરીયાદ પક્ષે ઇન્કવેસ્ટ પંચનામુ તથા પી.એમ. કરનાર ડોકટરશ્રીની પી.એમ. નોટ ઉપર આધાર રાખેલો. સાહેદ નં. ૩ જીગ્નેશભાઇ રાવજીભાઇ પટેલ અને નં. ૪ નીકુલ ભરમાનભાઇ ચૌહાણ મારફતે આંક-૨૧ થી ઇન્કવેસ્ટ પંચનામું રજુ કરવામાં આવેલુ છે. સાહેદ નં. ૪ નાઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલુ ન હતુ. જયારે સાહેદ નં. ૩ નાઓએ મૃતક ના શબને જોયેલુ હતુ. તેઓના ગળાના ભાગે ઇજાના નિશાન જણાઇ આવેલા. તેઓએ

અવલોકન કરેલુ કે મૃતક દોરડાથી લટકવાના કારણે મૃત્યુ નિપજેલુ હોય શકે. આંક–૨૧ ના ઈન્કવેસ્ટ પંચનામામાં પણ મોટાભાગે આવી જ હકિકતો દર્શાવેલી છે. તેવીજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ ડોકટર પારસ શાહને તપાસવામાં આવેલા કે જેઓએ મરણજનારના શબનુ પરીક્ષણ કરી અહેવાલ રજુ કરેલો. ડો. શ્રીનો પુરાવો જોતા એવુ બહાર આવેલુ કે તા.૨૨/૧૨/૨૦૨૦ના રોજ સીમરડા ખાતે પી.એસ.આઇ. દેસાઇની વર્ધીના આધારે શબ પરીક્ષણ બપોરના કલાક ૨–૪૫ વાગે શરુ કરી ૪–૦૦ વાગે પુર્ણ કરેલુ. ડોકટરશ્રીના પુરાવા મુજબ મૃતકના શબ પરીક્ષણ કરતા કોર્નીયા, હેઝી અને શબ કન્વકટાઇ હેમરેજ હતુ. કીકીના નીચેના ભાગમાં લોહી જમા થયેલું હતું. ગળાના હાયર બોર્નમાં ફ્રેકચર જણાયેલુ હતુ. થાઈરોઇડ કાર્ટીએજ તેમજ ક્રીપકોઇડ બોર્નમાં ફ્રેકચર હતુ. ડોકટરશ્રીએ મરણજનારના મૃત્યુ નુ કારણ તેઓના અભિપ્રાય મુજબ એસફેસીયા હેંગીગ ના કારણે શ્વાસો– શ્વાસ રૂંધાઇ જવાથી થયેલાનુ જણાવેલુ. જે સબબ તેઓએ તૈયાર કરેલી આંક–૧૫ વાળી પી.એમ. નોટ રજુ કરેલી. જોકે આ પી.એમ.વાળી નોટ જોવામાં આવે તો તેમાં સાહેદે મૌખીક પુરાવામાં વર્ણવેલી ઈજાઓનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી. અદાલત ધ્વારા તેઓની આ સબબ સ્પષ્ટતા કરવા પ્રશ્નો પુછવામાં આવેલા. જેમાં સાહેદે સ્વીકારેલુ કે પી.એમ. નોટમાં તેનો સદરચુકથી ઉલ્લેખ કરવાનો રહી ગયેલો છે. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે પી.એમ.ના કોલમ– ૧૭ માં કોઇ ઈજાનો ઉલ્લેખ કરવામાં આવેલો ન હતો. પરંતુ જે તે સમયે તેઓએ મૃતકના ફોટા લીધેલા હતા. જે ફોટાના આધારે તેઓએ જણાવેલુ કે મૃતકના ગળાની ડાબી બાજુએ એક ઇંચ જેટલો લીગેચર માર્ક જમણી તરફનો હતો અને જમણી બાજુના અંત ભાગમાં લીગેચર માર્ક પુર્ણ થતું ન હતું. જેથી જમણી બાજુ કોઈ નોટ ન હોવાથી મૃતકનુ મૃત્યુ નીપજેલુ. જોકે સાહેદે જે ફોટાઓનો ઉલ્લેખ કરેલો તેવા કોઇ ફોટાઓ આ કામે રજુ થયેલા નથી. ત્યારે આંક–૧૫ ની પી.એમ. નોટ અને સાહેદનો પુરાવો વિરોધાભાષી ગણી શકાય. તેવી જ રીતે બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલુ કે તેઓનો આ પ્રથમ પી.એમ. હતુ. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલો કે અદાલતમાં જવાબદારીથી છટકવા ખોટા ખુલાસાઓ કરેલા.

સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે મૃતકના શરીરમાંથી તેઓએ વીસેરા કલેકટ કરેલા ન હતા. મૃતકના શરીરમાં રાસાયાણીક ઝેરની હાજરી હતી કે કેમ ? તે સબબ તેઓએ કોઇ પરીક્ષણ કરેલુ ન હતુ. સાહેદે લીગેચર માર્કના નિશાન સબબ એવો અભિપ્રાય આપેલો કે દોરડાથી થઇ શકે તેવા માર્કસ હતા. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે મૃતકની ટ્રેકીયા અખંડીત હતી. સાહેદ મારફતે મૃત્યુનુ કારણ દર્શાવતુ સર્ટીફીકેટ આંક–૧૬ થી રજુ થયેલ છે. સાહેદના પુરાવાનુ પૃથ્થકરણ કરવામાં આવે તો તેઓએ પુરતી કાળજી લીધા સીવાય પી.એમ. નોટ તૈયાર કરેલી છે. પી.એમ. નોટમાં મહત્વની અને જરૂરી વિગતો ભરવામાં આવેલી નથી. મૌખીક પુરાવામાં જણાવેલી ઈજાઓ મૃતકના ફોટાના આધારે જણાવેલાનો ખુલાસો કરેલો પરંતુ આવા કોઈ ફોટાઓ ફરીયાદપક્ષે શા માટે રજુ કરેલા ન હતા. તેનો ખુલાસો થઇ શકેલો ન હતો. મૃતકના વિસેરા સબબ કોઈ પરીક્ષણ કરવામાં આવેલુ ન હતુ. ત્યારે મૃતકનુ મૃત્યુ એકમાત્ર હેંગીગના કારણે જ થયેલ હોય તે શંકા ઉપજાવનારુ છુ. ચોકકસ અન્ય સાહેદોએ એ હકિકતને સમર્થન કરેલુ હતુ કે મૃતકની લાશ લીંમડાના ઝાડ ઉપરથી ઉતારવામાં આવેલી. જોકે રજુ થયેલ આંક–૧૫ ની પી.એમ. નોટ અધુરી અને કચાસવાળી હોય મૃતકના વિસેરાનો રીપોર્ટ ન હોય ડોકટરશ્રીનો પુરાવો શંકાથી પર છે તેવુ જણાવી શકાય નહી. જેથી મૃદા નં. ૧ નો ઉત્તર તે રીતે આપવામાં આવે છે.

<u>**મુદ્દા નંબર –૨**</u>

**(૧૧)** સાહેદ નંબર–૧૧ અલ્પેશકુમાર અંબાલાલ સોલંકી, જેઓ મરણજનારના ભાઈ છે. તેઓએ ફરીયાદ જાહેર કરેલી છે. તેઓ મરણજનારના મોટાભાઈ થાય છે. તેઓના પુરાવા મુજબ તેઓ સવારે નોકરી જવા માટે નિકળતા હતા, ત્યારે તેમનો નાનો ભાઈ નિલેશ (મરણજનાર) ઘરમાં નથી, તેવી જાણ તેઓના મમ્મી ધ્વારા કરાતા તેઓએ મરણજનારના મીત્ર શૈલેષને ફોન કરેલો, પરંતુ તેઓએ ફોન ઉપાડેલો નહી. તેઓએ રૂત્વીક (સાહેદ નંબર–૧૬) ને શૈલેષના ઘરે તપાસ કરવા માટે મોકલેલા. પરંતુ ત્યાં પણ નિલેશ (મરણજનાર) મળી આવેલ નહી. રૂત્વીક (સાહેદ નંબર–૧૬) પરત ફરતા હતા, ત્યારે તેઓના પિતાએ જણાવેલું કે ફરીયાદી એટલે કે સાહેદને બોલાવો.

ફરીયાદી તેઓની સાથે ખેતરમાં ગયેલા, ત્યાં લીંમડાના ઝાડ ઉપર તેઓના ભાઈ નિલેશ (મરણજનાર) ગળે ફાંસો ખાઈ લટકતી હાલતમાં જોવા મળેલા, અને સ્થળ ઉપર શૈલેષ (સાહેદ નંબર–૧૭), નિખીલ તથા રાજેશ જણાઈ આવેલા. શૈલેષ અને નિખીલે ઝાડ ઉપરથી લટકતી લાશ ઉતારેલી. મરણજનાર સાડીના ટુકડા વડે લપેટાયેલો હતો અને નિલેશ (મરણજનાર) ના કપડાની તપાસ કરતા તેમાં એક સ્યુસાઈડ નોટ મળી આવેલી. સાહેદના પુરાવા મુજબ જે સ્યુસાઈડ નોટમાં લખેલ હતુ કે ''સવિનય સાથે જણાવવાનુ કે મારા સાસુ સસરા અને મારી બાયડી ત્રણેયનો બહુ ત્રાસ છે. જેથી આ પગલુ ભરુ છુ. મારા છોકરા અંશને મારા મા–બાપને સોંપી દેવો''. સાહેદના પુરાવા મુજબ તેઓને જાણકારી મળેલી કે તેમની ભાભી (મરણજનારના પત્ની) ને બ્રીજેશભાઈ મનહરભાઈ સાથે આડા સબંધ છે. સાહેદના પુરાવા મુજબ મરણજનારના પત્ની હેતલબેનને તેઓના ઘરના સભ્યો કામકાજ બાબતે જણાવતા ત્યારે તેણી કરતી નહી અને તેઓ વિરુધ્ધ ભુતકાળમાં મારા મારીની પેટલાદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી. સાહેદે આંક–૩૭ વાળી ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી રજુ કરેલી. બચાવ પક્ષે સાહેદે રજુ કરેલા પુરાવા સબબ લંબાણ પૂર્વક પડકારેલા. સાહેદે સ્વીકારેલું કે મરણજનારની લાશને સ્થળ ઉપર પોલીસે આવી ઉતારેલી હોય તેવુ બનેલું ન હતુ. સ્થળ ઉપર કોઈ ફોટોગ્રાફી કરવામાં આવેલી ન હતી. સાહેદે સ્વીકારેલું કે તેઓ મરણજનાર નિલેશની લાશ રીક્ષામાં નાખી ઘરે લઈ આવેલા. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે કહેવાતી સ્યુસાઈડ નોટ તેઓએ શૈલેષ અને નિખીલભાઈની હાજરીમાં કાઢેલી. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે મરણજનારનો ચોપડો કે જેમાં ''વિરતા પરમો ધર્મ'' લખેલું હતું તે તેઓએ રજુ કરેલો હતો. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે તેઓના લગ્ન થઈ ગયા બાદ છુટા છેડા થઈ ગયેલા. તેઓ અને મરણજનાર એકજ ઘરમાં સાથે રહેતા હતા. બચાવપક્ષે એવા સજેસન લીધેલા કે તેઓએ મરણજનારની પત્ની હેતલની સાથે અડપલા કરેલા. તેમજ જબરજસ્તીથી શારીરીક સબંધ બાંધેલો, હેતલે આ બાબત નિલેશને જણાવતા નિલેશે તઓને માર મારેલો અને આરોપી હેતલે તેના ઉપર

બળાત્કારનો પેટલાદ પોલીસ સ્ટેશનમાં કેસ કરેલો જેનો સાહેદે ઈન્કાર કરેલો હતો. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલો કે નિલેશને તેઓના ત્રાસના કારણે આત્મહત્યા કરવા માટે મજબુર થવુ પડેલું.

**(૧૨)** સાહેદ નંબર–૧૨ સીતાબેન અંબાલાલ સોલંકી ફરીયાદીના માતૃશ્રી છે. તેણીના પુરાવા મુજબ તેઓના દિકરા નિલેશ અને વહુ હેતલ વચ્ચે ઝગડો થવાથી નિલેશ રાત્રીના સમયે ખેતરમાં જતો રહેલો. આ ઝગડો થવાનું કારણ તેઓની વહુને બ્રીજેશ નામના વ્યકિત સાથે આડા સબંધ હતા. બાદ બીજા દિવસે તેમના દિકરા નિલેશની ખેતરમાંથી લાશ મળી આવેલી. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે હેતલ બેને તેઓની ઉપર મારા મારી તથા ઝગડાના કેસો કરેલા હતા. જોકે સાહેદે ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલો કે નિલેશ ખેતરમાંથી રાત્રીના અગીયાર–બાર વાગે ઘરે પરત ફરેલો. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે તેમનો દિકરો અલ્પેશ (ફરીયાદી) આરોપી હેતે સાથે અવાર નવાર ઝગડો કરતો હતો અને આરોપી હેતલે તેની વિરુધ્ધ અવાર નવાર ફરીયાદ કરેલી હતી.

**(૧૩)** સાહેદ નંબર–૧૩ અંબાલાલ મેલાભાઈ સોલંકી જેઓ ફરીયાદીના પિતાજી છે. તેઓના પુરાવા મુજબ તેમના દિકરા અને વહુ વચ્ચે કંકાસ ચાલતો હતો. તેઓનો દિકરો તા. ૨૧/૧૨/૨૦૨૦ ના રોજ ખેતરમાં જતો રહેલો. તા.૨૨/૧૨/૨૦૨૦ ના તેની શોધખોળ કરતાં ખેતરમાં લીમડાના ઝાડ નીચે લટકતો જોવા મળેલો. સાહેદના પુરાવા મુજબ તેઓની વહુ હેતલનો સ્વભાવ સારો ન હતો. તેણી ઘરનું કામકાજ કરતી નહી, જમવાનું બનાવતી નહી. તેઓની વહુ હેતલ કોઈનું સાંભળતી ન હતી. તેઓને જાણ થયેલી કે તેમની વહુ હેતલના ગામના બ્રિજેશભાઈ સાથે આડા સબંધ હતાં.

**(૧૪)** સાહેદ નંબર–૧૪ હેમાબેન વિપુલભાઈ સોલંકીના પુરાવા મુજબ તેણીના પતિ છ વર્ષ પહેલા મૃત્યું પામેલાં. નિલેશ (મરણજનાર) તેઓનો કુટુંબી કાકાનો દિકરો થતો હતો. તેણીના પુરાવા મુજબ મરણજનાર અને તેની પત્ની (હેતલ) ઘરમાં કકળાટ કરતાં હતાં. જેથી મરણજનાર રાત્રીના ઘરે થી નીકળી ગયેલા અને ખેતરમાં જઈને ગળે ફાંસો ખાઈ લીધેલો. તેણીના પુરાવા મુજબ તેણીએ વાતો –વાતથી જાણેલું કે હેતલના આરોપી બ્રિજેશ સાથે આડા સબંધ હતાં, જેથી કકળાટ થતો હતો. બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાં તેણીએ સ્વીકારેલું કે આરોપી નંબર–૧ હેતલના લગ્ન તેણીએ મરણજનાર સાથે કરાવેલાં અને આરોપી હેતલ તેણીની સબંધી થાય છે. સાહેદએ વાતનો પણ સ્વીકાર કરેલો કે તેણીને ફરીયાદી અલ્પેશભાઈ સાથે આડા સબંધ હતાં. જો કે સાહેદે એ વાતનો ઈન્કાર કરેલો કે જેથી ફરીયાદી અલ્પેશભાઈના છુટાછેડા થઈ ગયેલાં . સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે ફરીયાદી અલ્પેશ સાથે તેણીના સારા સબંધો હોય તેણી ફરીયાદીના ઘરનું કામ કરતી હતી. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે તેણીના ફરીયાદી અલ્પેશ સાથે આડા સબંધો હતાં જે આરોપી નંબર–૧ હેતલબેન જોઈ ગયેલી. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલો કે તેણીએ નિલેશ (મરણજનાર) વિરૂઘ્ઘ અને તેની પત્ની હેતલ વિરૂઘ્ઘ છેડછાડની ફરીયાદ કરેલી. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે આરોપી નંબર–૪ બ્રિજેશભાઈ ગામના સરપંચ હોય ગામના નાના–મોટા કામ કરવા માટે તેમને મળવાનું થતું હોય છે. આ સાહેદે પણ એ સુચક સવાલોનો ઈન્કાર કરેલો કે ફરીયાદી અલ્પેશ અને આરોપી નંબર–૧ હેતલ વચ્ચે આડા સબંધો હતાં અને તા.૨૨/૧૨/૨૦૨૦ ના તેણી તેઓને શારીરીક સબંધ બાંધતા જોઈ ગયેલી અને આ બાબતની જાણ નિલેશ (મરણજનાર) ને થયેલી જેથી નીલેશને લાગી આવેલું.

**(૧૫)** સાહેદ નંબર–૧૫ મોહનભાઈ ઉર્ફે કાભઈભાઈ શંકરભાઈ સોલંકી તેઓ પણ મરણજનારના સગા થાય છે અને તેઓના જ ફળીયામાં રહે છે. તેઓના પુરાવા મુજબ ડભાસી રોડ ઉપર નહેર પાસે તેઓનું ખેતર આવેલું છે. તેઓના ખેતરની બાજુમાં

અંબાલાલભાઈનું ખેતર આવેલું છે. બનાવના દિવસે સવારે તેમના ખેતરે ગયેલા ત્યારે અં બાલાલભાઈના ખેતર ઉપર તેમની નજર પડતાં લીમડા ઉપર કોઈ માણસની લાશ જણાઈ આવેલી. તેઓ લાશ પાસે પહોંચ્યા તે સમયે તેમનો દિકરો ઋતવીજ મરણજનારને શોધતો આવતો હતો. તેઓએ તેમના દિકરા ઋતવીજને મરણજનારના ઘરવાળાઓને જાણ કરવા માટે પરત મોકલેલો. થોડીવારમાં શૈલષભાઈ, ફરીયાદી અલ્પેશભાઈ, પ્રકાશભાઈ તથા તેમનો દિકરો ઋતવીજ બાઈક અને રીક્ષા લઈને સ્થળ ઉપર આવી ગયેલા. તેઓએ લાશને નીચે ઉતારી રીક્ષામાં લાશ ઘરે લઈ ગયેલાં. આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલાં. વિધ્વાન એ.પી.પી.શ્રીએ કરેલી ઉલટ તપાસમાં સાહેદે ઈન્કાર કરેલો કે તેઓએ મરણજનારના પેન્ટના ખીસ્સામાંથી સુસાઈડ નોટ મળી આવેલાનું નજરે જોયેલું. જો કે સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે આરોપી હેતલબેન અને બ્રિજેશભાઈ વચ્ચે આડા સબંધોનું તેઓને જાણવા મળેલું.

**(૧૬)** સાહેદ નંબર–૧૬ ઋતવીક મોહનભાઈ સોલંકી સાહેદ નંબર–૧૫ ના દિકરા છે. તેઓએ એ વાતને સમર્થન કરેલું કે તેમના પિતાએ તેમને જણાવેલું કે નિલેશે (મરણજનાર) ખેતરમાં લીમડા ઉપર ગળે ફાંસો ખાધેલો છે, જેથી તેઓ તેમના ઘરના સભ્યો તથા નીખીલભાઈ અને શૈલેષભાઈને જાણ કરી સ્થળ ઉપર લઈને આવેલાં. તેઓએ મરણજનાર નીલેશભાઈની લાશ નીચે ઉતારી તેમજ સ્થળ ઉપર નોટબુક, ચંપલ તથા એક ચિઠ્ઠી પડેલી હતી. બચાવપક્ષે કરેલી ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓ અને ફરીયાદી એક જ કંપનીમાં નોકરી કરતાં હતાં અને સાથે જ કામ ઉપર જતાં હતાં. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો હતો કે હેતલબેને અલ્પેશભાઈ વિરૂધ્ધ બે ત્રણ વાર પોલીસ ફરીયાદ કરેલી હતી. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલો કે નિલેશ (મરણજનાર) તેમની પત્ની હેતલબેન અને ફરીયાદી અલ્પેશભાઈના શારીરીક સબંધ જોઈ ગયા જેથી તેઓએ આત્મહત્યા કરી લીધેલી.

(૧૭) સાહેદ નંબર–૧૭ શૈલેષભાઈ ઉદેસિંગ ચૌહાણ તેઓ ફરીયાદી અલ્પેશભાઈના મીત્ર છે. બનાવ તા.૨૩/૧૨/૨૦૨૦ ના રોજ તેઓને તેમના મીત્ર ફરીયાદી ધ્વારા જાણવા મળેલું કે નીલેશભાઈની લાશ તેમના ખેતરના લીમડા ઉપર લટકે છે. તેથી તેઓ, ઋતવીક, નીખીલ વિગેરેઓ ખેતરમાં ગયેલાં અને લાશ નીચે ઉતારી રીક્ષામાં ઘરે લઈ આવેલાં અને તેમના મીત્ર અલ્પેશે ફરીયાદ આપેલી. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે મરણજનારે ગળે ફાંસો ખાધેલો તે જગ્યાએ એક જોડી ચંપલ, નોટબુક મળી આવી હતી અને નીલેશભાઈના ખીસ્સામાંથી એક સુસાઈડ નોટ મળી આવેલી.

(૧૮) તપાસ દરમ્યાન ફરીયાદપક્ષે કેટલાંક પંચનામાઓ કરેલાં જેના ઉપર પણ ફરીયાદપક્ષે આધાર રાખેલો છે. સાહેદ નંબર–૫ મહેશભાઈ રાવજીભાઈ રાઠોડ મારફતે આંક–૨૪ વાળું પંચનામું રજુ કરવામાં આવેલું. સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓને પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવેલો જયાં એક સુસાઈડ નોટ પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલી. જે સુસાઈડ નોટ મરણજનાર નીલેશભાઈ અંબાલાલ સોલંકીએ લખેલી હતી. જે સુસાઈડ નોટ તેઓની હાજરીમાં પોલીસે પંચનામું કરી કબજે લઈ સહી સિકકા અને સીલ કરેલાં. સાહેદે આંક–૨૪ નું પંચનામું તથા આંક–૨૫ થી રજુ થયેલ સુસાઈડ નોટ ઓળખી બતાવેલી. ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલું કે સુસાઈડ નોટ પોલીસને કોણે આપેલી તેની તેઓને જાણ નથી તેઓએ લખેલા પંચનામામાં સહી કરી આપેલી હતી.

(૧૯) સાહેદ નંબર–૬ રાજેન્દ્રભાઈ સોમાભાઈ પઢીયાર આંક–૨૪ ના બીજા પંચ છે. તેઓના પુરાવા મુજબ તેઓએ મરણજનાર નીલેશભાઈની લખેલી એક ચિઠ્ઠી પોલીસને સોંપેલી. સાહેદે સ્વીકારેલું કે તેઓએ સુસાઈડ નોટ વાંચેલી ન હતી તેઓને પોલીસે વાંચી સંભળાવેલી.

**(૨૦)** સાહેદ નંબર–૭ કનુભાઈ પરોસોત્તમભાઈ સોલંકી અને સાહેદ નંબર–૮ રમણભાઈ પરસોત્તમભાઈ મારફતે ગુનાવાળી જગ્યાનું આંક–૨૯ વાળુ પંચનામું ઓળખી બતાવી રજુ કરવામાં આવેલું છે. આંક–૨૯ નું પંચનામું જોવામાં આવે તો તા.૨૩/૧૨/૨૦૨૦ ના રોજ કરવામાં આવેલું હતું. ગુનાવાળી જગ્યા સર્વે નંબર ૪૨૩ નું ખેતર હતું, ખેતરમાં લીમડાનું ઝાડ હતું, ઝાડના થડ પાસે સાડીનો ટુકડો તથા એક લીટીવાળી નોટબુક પડેલી હતી. નોટબુકના પેઈજ કોરા હતાં, નોટબુકમાં કોઈ લખાણ હતું નહી. બાજુમાં એક જોડી ચંપલ પડેલાં હતાં. જે તમામ તપાસના કામે કબજે લીધેલાં. જો કે પંચ સાહેદોએ આ સબબનો પુરાવો રજુ કરેલો ન હતો.

**(૨૧)** સાહેદ નંબર – ૨ અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવા, એફ.એસ.એલ. અધિકારી છે. જેઓને સ્થળ નિરીક્ષણ કરી પુરાવા મળી આવે તો તેનો અભ્યાસ કરી તપાસમાં મદદરૂપ થવા માટે બોલાવવામાં આવતા હોય છે. જો કે હાથ પરના કામે મૃતકનો ગળે ફાંસે લટકતી લાશ તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ મળી આવેલી. જયારે સાહેદને બીજા દિવસે બોલાવવામાં આવેલા. આમ સાહેદનો પુરાવો ઔપચારીક પણ કહી શકાય. સાહેદનો પુરાવો જોવામાં આવે તો ગુનાવાળી જગ્યાનુ તેઓએ અવલોકન કરેલુ. સ્થળ ઉપરથી બે ચપ્પલ તથા એક નોટબુક મળેલી. જોકે સાહેદના પુરાવામાંથી એવુ બહાર આવેલુ ન હતુ કે તે દરમ્યાન પંચ સાહેદની હાજરીમાં આ મુદ્દામાલ તપાસ કરનાર અધિકારીએ કબજે લીધેલો. આ સીવાય સાહેદે અન્ય કોઈ કાર્યવાહી કરેલી ન હતી કે તેઓને ગુનાને સાંકળતો કોઈ પુરાવો મળી આવેલો હોય તેવુ બનેલુ ન હતુ. સાહેદે તૈયાર કરેલ સ્થળ પરીક્ષણનો અહેવાલ આંક–૧૮થી રજુ કરવામાં આવેલો છે.

**(૨૨)** સાહેદ નંબર–૯ રમેશભાઈ ઈશ્વરભાઈ રાઠોડ અને સાહેદ નંબર–૧૦ સુનીલભાઈ વાઘજીભાઈ જાદવની હાજરીમાં તપાસ દરમ્યાન પોલીસે મરણજનાર નીલેશ અંબાલાલ સોલંકીનો ચોપડો કબજે કરેલો હતો. જે ચોપડો સ્કુલનો હતો, જેમાં બ્લુ પેનથી

ગુજરાતી ભાષામાં લખેલું હતું. જે ચોપડો કબજે લેવામાં આવેલો જે સબબ આંક–૩૨ થી પંચનામું કરવામાં આવેલું. સદર ચોપડો મરણજનારના કુદરતી લખાણનું અને સુસાઈડ નોટના અક્ષરોના પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ.માં મોકલવા સારૂ પંચોની હાજરીમાં ફરીયાદી અલ્પેશભાઈએ રજુ કરેલો હતો.

**(૨૩)** સાહેદ નંબર–૧૮ તારક યોગેશકુમાર શાહ, એફ.એસ.એલ. ગાંધીનગરમાં હસ્તાક્ષર નિષ્ણાંત તરીકે ફરજ બજાવે છે. તેઓના પુરાવા મુજબ તેઓ સમક્ષ આણંદના પોલીસ અધિક્ષકના પત્ર મારફતે તકરારી દસ્તાવેજોના હસ્તાક્ષરની ચકાસણી કરી અભિપ્રાય રજુ કરવાનું જણાવેલું. તેઓની સમક્ષ તકરારી સુસાઈડ નોટ તથા કુદરતી લખાણવાળી એક નોટબુક રજુ કરવામાં આવેલી હતી. જે મુદ્દામાલ લોકરક્ષક વિજયસિંહ કિરીટસિંહ ધ્વારા એફ.એસ.એલ. કચેરીમાં રજુ કરવામાં આવેલું. તેઓના પુરાવા મુજબ તકરારી સુસાઈડ નોટને માર્ક ડી આપેલો. જયારે કુદરતી લખાણના ચોપડામાં જુદા જુદા લખાણોની માર્ક એન–૧ થી એન–૨૩ તથા એન–૩૦ થી એન–૩૨ તથા એન–૩૫ થી એન–૪૨ ના લખાણની સરખામણીને તેઓએ ધ્યાનમાં લીધેલાં અને વિસદ અભ્યાસ બાદ તેઓએ અભિપ્રાય આપેલો કે માર્ક–બી (સુસાઈડ નોટ અને કુદરતી લખાણ) માર્ક એન–૧ થી એન–૨૩ તથા એન–૩૦ થી એન–૩૨ તથા એન–૩૫ થી એન–૪૨ ના લખાણ સામ્ય છે અને એક જ વ્યકિત ધ્વારા લખાયેલાં છે. સાહેદે આ સબબના પત્રો તથા અહેવાલો અનુક્રમે આંક–૪૭ થી આંક–૫૧ સુધી રજુ રાખેલાં. બચાવપક્ષે સાહેદને પડકારેલાં પરંતુ તેઓએ રજુ કરેલ પુરાવાથી વિરૂધ્ધની કોઈ હકીકત બહાર કાઢવામાં સફળ થયેલાં ન હતાં. ઉલટ તપાસમાંથી જ બહાર આવેલું છે કે સાહેદે વૈજ્ઞાનિક પધ્ધતીથી મેગ્નીફાઈન લેન્સ તથા બૃહદ દર્શક લેન્સ જેવા સાધનો તથા વિવિધ લાઈટસનો ઉપયોગ કરી તેઓનો અભિપ્રાય આપેલો હતો.

(૨૪) સાહેદ નંબર-૧૯ વાસુભાઈ ગાંડાભાઈ દેસાઈ તપાસ કરનાર અધિકારી છે. હાથ પરના કામે તમામ તપાસની કાર્યવાહી પી.એસ.આઈ. દેસાઈએ કરેલી છે. તેઓનો પુરાવો ખુબજ અગત્યનો છે. તેઓના પુરાવામાંથી જણાઈ આવે છે કે તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ નિલેશભાઈની લાશ મળી આવતા સૌપ્રથમ અલ્પેશભાઈ અંબાલાલ સોલંકી નાઓ મારફતે પોલીસને આ સબબની જાહેરાત આપવામાં આવેલી હતી. જે જાહેરાત અકસ્માત મોત નંબર-૧૮/૨૦૨૦ થી રજીસ્ટર કરવામાં આવેલી. અ. મોતની જાહેરાત આંક-૫૪ થી રજુ કરવામાં આવેલી છે. અ. મોતની જાહેરાત અને ફરીયાદ આપનારા એક જ ઈસમ છે. અકસ્માત મોતની જાહેરાતમાં ફરીયાદીએ માત્ર એટલુ જ જાહેર કરેલુ કે મરણજનાર નિલેશભાઈ તેઓના ભાઈ થતા હતા અને તેમની લાશ સાડી વડે લીંમડા ઉપર ગળે ફાંસો ખાધેલ લટકતી હાલતમાં વેચાણવાળા ખેતરમાં જોવા મળેલી. જે લાશ તેઓએ નીચે ઉતારી અને ઘરે લઈ ગયા બાદ પોલીસને આ સબબની જાણ કરેલી. સાથે સાથે સમગ્ર પુરાવો જોવામાં આવે તો એવુ બહાર આવેલું છે કે અ. મોતની તપાસ પણ પી.એસ.આઈ. દેસાઈએ કરેલી છે. પી.એસ.આઈ. દેસાઈએ મરણજનારની લાશ પી.એમ. અર્થે મેડીકલ ઓફીસર સીમરડાને યાદી સાથે મોકલી આપેલી. તે પહેલા મરણજનારનું પંચોની હાજરીમાં તા.૨૨/૧૨/૨૦૨૦ ના કલાક ૧૦-૦૦ થી ૧૦-૫૦ દરમ્યાન ઈન્કવેસ્ટ પંચનામુ (આંક-૨૧) વાળુ કરવામાં આવેલુ. બાદ ડો. પારસ મારફતે બપોરે ૨-૪૫ થી ૪-૦૦ કલાક દરમ્યાન પી.એમ. કરવામાં આવેલ. તેજ રીતે પી.એમ. કરતા અગાઉ મરણજનાર નિલેશભાઈના પહેરેલ પેન્ટના ખીસ્સામાંથી અમુક વસ્તુઓ મળી આવેલી જે ફરીયાદી અલ્પેશકુમાર અંબાલાલ સોલંકીએ પોતાના ઘરમાં મુકેલી. તેમાં એક ચીઠ્ઠી મળી આવેલી. જે ચીઠ્ઠી મરણજનાર નિલેશભાઈએ લખી હોવાનું તેઓ મારફતે જાહેર કરવામાં આવેલું. સદર ચીઠ્ઠી એટલે કે સ્યુસાઈડ નોટ ફરીયાદીએ તપાસ કરનાર અમલદારને સોંપેલી. સદર સ્યુસાઈડ નોટ આંક-૨૪ ના પંચનામાં હેઠળ પંચોની રૂબરૂ તપાસ કરનાર અધિકારીશ્રી દેસાઈએ મુદ્દામાલ તરીકે કબજે લઈ સીલ કરેલી. બાદ તપાસ કરનાર અધિકારીએ બીજા

દિવસે એટલે કે તા.૨૩/૧૨/૨૦૨૦ દરમ્યાન કલાક ૧૦–૦૦ થી ૧૧–૦૦ દરમ્યાન ગુનાવાળી જગ્યાનું (આંક–૨૯) મુજબનુ પંચનામું કરેલુ. પંચનામાં દરમ્યાન એફ.એસ.એલ.ના અધિકારી શ્રી અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવા (સાહેદ નંબર–૨) પણ હાજર હતા. સદર પંચનામુ જોવામાં આવે તો લાશ મળ્યા બાદ ચોવીસ કલાક બાદ કરવામાં આવેલ છે. પંચનામુ મરણજનારે જ્યાં આપઘાત કરેલો તે જગ્યાનું છે. પંચનામું જોતા સ્થળ ઉપર બે ચપ્પલ, એક કોરી નોટબુક પડેલી હતી. જે તપાસના કામે કબજે લેવામાં આવેલી. પુરાવામાંથી એવુ પણ જણાઈ આવે છે કે તપાસ કરનાર અધિકારીએ તા.૨૬/૧૨/૨૦૨૦ના રોજ મરણજનારના અ.મોત નંબર–૧૮/૨૦૨૦ના કામે ફરીયાદી અલ્પેશકુમાર અંબાલાલ સોલંકી પાસેથી મરણજનારના હસ્તાક્ષરના નમુના મેળવવા અર્થે એક ચોપડો તા.૨૬/૧૨/૨૦૨૦ના રોજ આંક–૩૨વાળા પંચનામાં મુજબ પંચોની હાજરીમાં કબજે કરેલો. તપાસ કરનાર અધિકારીએ કબજે કરેલ તમામ મુદ્દામાલ વૈજ્ઞાનીક પૃથ્થકરણ તથા કહેવાતી સ્યુસાઈડ નોટ આંક–૨૫ વાળી હસ્તાક્ષર નિષ્ણાંત તરફ તેમનો અભિપ્રાય મેળવવા અર્થે અનાર્મ લોક રક્ષક વિજયસીંહ કીરીટસીંહ મારફતે યાદી સાથે મોકલી આપેલી. જે યાદીઓ અનુક્રમે આંક–૪૭ થી ૪૯ તથા આંક–૬૦ વાળી છે. હસ્તાક્ષર નિષ્ણાંત (ડી.એફ.એસ.) મારફતે તેઓએ તેમનો અભિપ્રાય આંક–૪૯ વાળી યાદી સાથે મોકલી આપેલો. હસ્તાક્ષર નિષ્ણાંતે આંક–૫૧ થી અભિપ્રાય આપેલો જે મુજબ મુદ્દામાલ સ્યુસાઈડ નોટ આંક–૨૪ તથા પંચો રૂબરૂ કબજે કરેલ મરણજનારના કુદરતી લખાણનો ચોપડામાંના અક્ષરો એક જ વ્યકિતના હોવાનુ અભિપ્રાય આપેલો. સદરહુ અભિપ્રાય આવતા પી.એસ.આઈ. શ્રી દેસાઈની રૂબરૂમાં આંક–૩૭ વાળી અલ્પેશભાઈની તા.૦૧/૦૪/૨૦૨૧ના રોજ ફરીયાદ લેવામાં આવેલી. ફરીયાદીએ આંક–૩૬ ના તેઓના પુરાવામાં વિલંબથી ફરીયાદ જાહેર કરવા સબબ કોઈ સ્પષ્ટતા કે વિલંબનો ખુલાસો આપેલ ન હતો. તપાસ કરનાર અધિકારીએ પણ ફરીયાદમાં આ અંગે સ્પષ્ટતા કરેલી ન હતી. જોકે જણાવવામાં આવેલુ કે સ્યુસાઈડ નોટ હસ્તાક્ષર નિષ્ણાંત તરફ તેઓના અભિપ્રાય અર્થે મોકલવામાં આવેલી

જે અંગેનો ફરીયાદમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. તપાસ કરનાર અધિકારીશ્રી દેસાઈનું અદાલત મારફતે આ અંગે ધ્યાન દોરતા તેઓએ સ્પષ્ટતા કરેલી કે સ્યુસાઈડ નોટનો પરીક્ષણ બાકી હોવાથી ફરીયાદ લેવામાં આવેલી નહી. જોકે સમગ્ર પુરાવો જોતા આ કામના એક પણ સાહેદે અકસ્માત મોત સમયે તેઓના નિવેદનમાં આરોપીઓ ઉપર આંગળી ચીંધેલી હોય, શંકા સેવેલી હોય, તેવી કોઈ હકિકત જ બહાર આવેલી ન હતી. ખુદ ફરીયાદીએ પણ આરોપીઓ વિરુધ્ધ આ ચાર માસના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના આક્ષેપો કરેલા ન હતા. તપાસ કરનાર અધિકારીશ્રી દેસાઈએ એ વાતનો સ્વીકાર કરેલો કે અકસ્માત મોતની જાહેરાત આપ્યા બાદ ફરીયાદ નોંધતા પહલા ફરીયાદીએ કે સાહેદોએ હાલના આરોપીઓ વિરુધ્ધ કોઈ આક્ષેપ કરેલા હોય તેવુ બનેલું ન હતુ. ટુંકમાં જોવામાં આવે તો તપાસ કરનાર અધિકારીએ આંક–૩૭ વાળી ફરીયાદ નોંધ્યા બાદ સાહેદોના નિવેદનો મેળવેલા. વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી મારફતે શ્રી દેસાઈની ઉલટ તપાસ કરવામાં આવેલી. જેમાં શ્રી દેસાઈએ સાહેદોએ આપેલા પુરાવાથી વિરુધ્ધમાં એવુ સ્વીકારેલું કે બનાવ સ્થળે મરણજનારની લાશ લટકતી હતી. ત્યારે તેઓ સ્થળ ઉપર અન્ય પોલીસ કર્મચારીઓ સાથે પહોંચી ગયેલા. તેઓના પહોંચ્યા બાદ મરણજનાર નિલેશભાઈની લાશ નીચે ઉતારવામાં આવેલી. સાહેદ એ વાતનો પણ સ્વીકાર કરેલો છે કે તેજ દિવસે એટલે કે તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ સ્થળ ઉપરથી કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ ન હતું અને બનાવવાળી જગ્યાનુ પંચનામુ બીજા દિવસે કરવામાં આવેલ હતુ. આમ બનાવ સ્થળ ઉપર જે મુદ્દામાલ પડેલ હતો તે દિવસે શા માટે કોઈનુ ધ્યાન ગયેલ નહી અગરતો પોલીસે પંચનામુ કરી મુદ્દામાલ કબજે કરેલ ન હતો તેનો ખુલાસો ફરીયાદપક્ષ કરી શકેલ નથી. તેવી જ રીતે એ વાતનો પણ સ્વીકાર કરવામાં આવેલ હતો કે બનાવ સ્થળે મરણજનારના ખીસ્સામાંથી કોઈચીજવસ્તુ કે ચીઠ્ઠી કાઢેલી હોય તેવુ સાહેદે નજરે જોયેલુ ન હતું. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે તપાસ દરમ્યાન તેઓએ સ્યુસાઈડ નોટ કે મરણજનાર નિલેશભાઈના હસ્તાક્ષરનો ચોપડો જાતે મેળવેલો ન હતો, સદર બંને મુદ્દામાલ ફરીયાદી અલ્પેશભાઈએ તેઓને

સોંપેલા. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે તેઓની સમગ્ર તપાસ સ્યુસાઈડ નોટને કેન્દ્રીત રાખીને કરવામાં આવેલી. મરણજનારનું મૃત્યુ અન્ય કોઈ રીતે થયેલ હોય કે તેનુ અન્ય કોઈ ઈસમે ખુન કરેલ હોય તે દૃષ્ટીકોણથી તેઓએ કોઈ તપાસ કરેલી ન હતી. જોકે સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે ફરીયાદી અને તેઓની બાજુમાં રહેતા હેમાબેન વચ્ચે પ્રેમ સબંધ હતો. જે સબબ તપાસ દરમ્યાન નિવેદનોમાંથી બહાર આવેલું. જોકે સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો ન હતો કે આરોપી નંબર–૧ હેતલબેને ફરીયાદી વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં અવાર નવાર ફરીયાદો આપેલી હોય અને તેમાં આરોપી નંબર–૪ સરપંચ બ્રીજેશભાઈએ સમાધાન કરાવેલું હતું. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે ફરીયાદી અલ્પેશભાઈ અને આરોપી નંબર–૧ હેતલબેન વચ્ચે શરીર સબંધ બંધાયેલો હોય અને નિલેશભાઈએ તે જાણી જતા તેઓએ આપઘાત કરેલો હોય તેવુ કાઈ તપાસમાં આવેલું ન હતુ કે તેવી કોઈ તપાસ થયેલી ન હતી. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે ઈન્કવેસ્ટ પંચનામા સમયે મરણજનારની લાશ ઉપરથી તેઓએ મુદ્દામાલ કબજે કરેલો ન હતો. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો કે મરણજનારના શરીર ઉપર તેઓની ઈજાના કોઈ નિશાન જણાઈ આવેલા ન હતા. તેવી જ રીતે ફાંસીમાં લટકતા સમયે તડફડીયા મારતા સમયે તેઓના પગ ઉપર કોઈ છોલછાલના નિશાન કે પહેરેલા કપડા બગડી ગયા હોય તેવું જણાઈ આવેલુ નહી. વધુમાં તપાસ કરનાર અધિકારીએ સ્થળ ઉપરથી જે મુદ્દામાલ કોરી નોટબુક કબજે કરેલી હતી તે કોરી નોટબુક કયાંથી અને કેવી રીતે સ્થળ ઉપર આવી તેનો કોઈ પુરાવો એકઠો કરેલો હોય તેવુ જણાતુ નથી. સ્થળ ઉપરથી કોઈ બોલપેન મળી આવેલી ન હતી. મે આ કામે આર્ટીકલ નંબર–૩ બનાવ સ્થળેથી કોરા પાના વાળી બનાવ સ્થળેથી કબજે કરેલ મુદ્દામાલ જોયેલ છે. તે મુદ્દામાલ વાળી નોટ સંપૂર્ણ કોરી જણાઈ આવે છે. સાથે સાથે મુદ્દામાલ વાળી કોરી નોટમાંથી કોઈ પાનુ દુર કરવામાં આવેલુ હોય, ફાડવામાં આવેલ હોય કે કાઢવામાં આવેલ હોય તેવા કોઈ અવશેષો પ્રથમદર્શનીય નિરીક્ષણ કરતા જણાઈ આવતા નથી. અત્રે નોંધવુ આવષ્યક છે કે સ્થળ ઉપર બનાવના દિવસે તપાસ દરમ્યાન મુદ્દામાલ કોરી નોટ કે અન્ય મુદ્દામાલ મળી આવેલો ન હતો અથવા

તો કબજે કરાયેલો ન હતો. સ્થળ ઉપરનો મુદ્દામાલ કબજે કરતા અગાઉ તપાસ કરનાર અધિકારી પાસેથી સ્યુસાઈડ નોટ મળી આવેલી હતી અને તેના બીજા દિવસે પંચનામુ કરી બનાવ સ્થળ ઉપરથી કોરો ચોપડો કબજે લેવામાં આવેલો. આમ તપાસ કરનાર અધિકારીના કાર્યરીતી ઉપર સંશય ઉભો થાય છે. આ ઉપરાંત બચાવ પક્ષે સાહેદની ઉલટ તપાસમાં તે લગત અન્ય સુચનાત્મક સવાલો પુછેલા. જેનો સાહેદે ઈન્કાર કરેલો હોય તે સબબ વધુ ચર્ચા કરતો નથી.

**(૨૫)** ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એ સમગ્ર પુરાવાના અંતે પોતાની ભારપૂર્વકની રજુઆતમાં જણાવેલું હતુ કે મરણજનાર નિલેશભાઈએ આપઘાત કરતા પહેલા આંક–૨૫ વાળી સ્યુસાઈડ નોટ લખેલી હતી. જે સ્યુસાઈડ નોટ આરોપીએ પોતાના હસ્તાક્ષરમાં લખેલ હોવાનુ ડી.એફ.એસ.ના હસ્તાક્ષર નિષ્ણાંત મારફતે પુરવાર થયેલુ છે. આ કામમાં તપાસવામાં આવેલા તમામ સાહેદોએ હકારાત્ક પુરાવો રજુ કરેલો હતો. તમામ સાહેદોએ રજુ કરેલ પુરાવામાં એવુ સ્પષ્ટ પણે બહાર આવેલું હતુ કે મરણજનારની પત્ની હેતલબેન તથા આરોપી નંબર–૪ બ્રીજેશ વચ્ચે આડા સબંધ હતા. આરોપી નંબર–૧ તેનુ જીવન બે ફીકરાઈ પૂર્વક જીવતી હતી. તેણી તેના પતિ કે સાસરી પક્ષના સભ્યોને શોભે તેવુ વર્તન કરતી ન હતી. તેણી લગ્ન બાદની જવાબદારી ઉઠાવતી ન હતી. જે સબબ મરણજનાર નિલેશભાઈને લાગી આવતા તેણીનો ત્રાસ સહન ન થતાં આપઘાત કરવાની ફરજ પડેલી હતી. મરણજનારના આપઘાત કરવા પાછળ અન્ય કોઈ કારણ પુરાવામાં બહાર આવેલુ ન હતુ. મરણજનાર આશરે ચોવીસેક વર્ષના યુવાન હતા. જે દર્શાવે છે કે આરોપીઓનો ત્રાસ એટલી હદ સુધીનો હતો કે મરણજનાર પાસે આપઘાત સીવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો. દરેક સાહેદોનો પુરાવો આરોપી નંબર–૧ અને આરોપી નંબર–૪ ના આડા સબંધો દર્શાવતો હકારાત્મક પુરાવો આવેલ છે ત્યારે તે પુરાવાને નહી માનવાને કોઈ કારણ ના હોય. આરોપી નંબર–૨ અને ૩ નાઓએ ચઢવણી કરેલ હોય, મરણજનારને આપઘાત કરવા માટે ફરજ પડેલી. જે સબબ

આંક–૨૫ની સ્યુસાઈડ નોટ રજુ થયેલી હોય ફરીયાદ પક્ષ તેઓનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલા હોય. આરોપીઓને દોષીત ઠરાવવા માટે ભારપૂર્વક રજુઆત કરેલી.

**(૨૬)** જયારે આનાથી વિપરીત આરોપીઓના વિ.વ.શ્રીનાઓએ અનુક્રમે આંક–૬૪ અને ૬૫ થી લંબાણ પૂર્વકની લેખીત દલીલો રજુ કરી ફરીયાદપક્ષનો કેસ પુરાવા વગરનો હોય આરોપીઓને નિર્દોષ છોડી મુકવા રજુઆત કરેલી. આરોપીઓના વિ.વ.શ્રીની રજુઆતો લેખીતમાં હોય અત્રે તેનુ પુનરાવર્તન કરતો નથી. તેવી જ રીતે આરોપીઓએ પુરાવામાં ઉલટ તપાસ થકી જે બચાવો શોધેલા છે. તે તમામ ધ્યાનમાં લેવામાં આવેલા છે.

**(૨૭)** સમગ્ર પુરાવો જોવામાં આવે તો સાહેદ નંબર–૧ નાઓએ મરણજનારનું પી.એમ. રજુ કરેલુ. જે મુદ્દા નંબર–૧ ની ચર્ચા જોતા શંકાષ્પદ જણાઈ આવે છે. મરણજનારનુ મૃત્યુનુ કારણ માત્ર અને માત્ર ગળેફાંસો ખાઈ લેવાના કારણે થયેલ હોય તેવુ શંકાથી પર પુરવાર કરી શકેલુ નથી. મુદ્દા નંબર–૧ ની ચર્ચા જોતા મરણજનારના મૃત્યુનું કારણ પુરવાર થતુ ના હોય ફરીયાદપક્ષના કેસ શંકાષ્પદ બનેલો છે. તેવી જ રીતે પુરાવો જોતા એવુ પણ બહાર આવેલુ છે કે આ કામના એકપણ સાહેદે મરણજનારના મૃત્યુથી લઈને ફરીયાદ નોંધાયાના ચાર માસના સમયગાળા દરમ્યાન આરોપીઓ વિરુધ્ધ કોઈપણ પ્રકારનો આક્ષેપ કરેલો ન હતો. આરોપીઓ સામે તપાસ દરમ્યાન કોઈ આક્ષેપો કરતા નિવેદનો આપેલા ન હતા. એ સ્વીકૃત છે કે હાથ પરના કામે અકસ્માત મોત નંબર–૧૮/૨૦૨૦, તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ નોંધાયેલી હતી. તે સમયે ફરીયાદીએ પણ તેના ભાઈના આપઘાત સબબ કોઈ શંકા સેવેલી ન હતી. એ પણ સ્વીકૃત છે કે ફરીયાદીને તેજ દિવસે કહેવાતી આંક–૨૫ વાળી સ્યુસાઈડ નોટ મળી આવેલી અને જે તપાસ કરનાર અધિકારીને સોંપેલી હતી. ફરીયાદી કે સાહેદોએ પુરાવામાં આરોપીઓ વિરુધ્ધ જે આક્ષેપો કરેલા હતા તેવા કોઈ આક્ષેપો તે સમયે કરેલા ન હતા. જો

ફરીયાદી અને સાહેદો આરોપી નંબર-૧ અને ૪ ના વચ્ચેના આડા સબંધો અંગે જાણકાર હોત તો તેજ સમયે આ સબબ તપાસ કરનાર અધિકારીને જાણ કરી શકયા હોત અથવા તો પોતાના નિવેદનો નોંધાવી શકેલા હોત. તપાસ કરનાર અધિકારીએ પણ આ સબબ દુલક્ષ સેવેલું હતુ. તપાસ કરનાર અધિકારીએ પણ ચાર મહીના સુધીનો સમય લીધેલો હતો. એ પણ સ્વીકૃત છે કે ડી.એફ.એસ. હસ્તાક્ષર નિષ્ણાંતના હકારાત્મક અભિપ્રાય બાદ કેસ કાર્યવાહી શરુ કરવામાં આવેલી. જો ખરેખર જ ફરીયાદીના ભાઈના આપઘાતનુ દુષ્પ્રેરણ આરોપીઓએ કરેલ હોત અને ફરયાદી તથા સાહેદને આ અંગેનુ જ્ઞાન હોત તો આવા હસ્તાક્ષર નિષ્ણાંતના અભિપ્રાયની રાહ જોવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ ના હોત. એ પણ સ્વીકૃત છે કે કહેવાતી આંક-૨૫ વાળી સ્યુસાઈડ નોટ પોલીસને તેઓની કાર્યવાહી દરમ્યાન મળી આવેલી ન હતી. આંક-૨૫ વાળી સ્યુસાઈડ નોટ ફરીયાદીએ પાછળથી રજુ કરેલી હતી. સાથે સાથે તપાસ કરનાર અધિકારીએ મરણજનારના કુદરતી હસ્તાક્ષર મેળવવા માટે પુરતી તકેદારી રાખેલી હોય તેવુ પણ જણાતુ નથી. તેઓએ કુદરતી હસ્તાક્ષર માટે ફરીયાદીએ રજુ કરેલા ચોપડા ઉપર જ આધાર રાખેલો છે. તપાસ કરનાર અધિકારીએ આ સબબ મરણજનારના કોઈ જાહેર દસ્તાવેજો કે જેમાં તેણે લખાણ અને સહી કરેલી હોય તેવા મેળવેલા ન હોય રજુ થયેલી સ્યુસાઈડ નોટ માત્ર અને માત્ર મરણજનારે જ તેના હસ્તાક્ષરમાં લખેલા હોય તે શંકાનુ સમાધાન થઈ શકેલુ નહી. ફરીયાદપક્ષે કહેવાતી આંક-૨૫ વાળી સ્યુસાઈડ નોટ ઉપર ભાર આપેલો છે અને તેવો સમગ્ર કેસ આંક-૨૫ ની સ્યુસાઈડ નોટ ઉપર કેન્દ્રીત છે. આંક-૨૫ વાળી સ્યુસાઈડ વાળી નોટનો બારીકાઈથી અભ્યાસ કરવામાં આવે તો તેમાં એવુ લખાણ લખવામાં આવેલું છે કે ''સવિનય સાથે જણાવવાનુ કે મારા ગરમાં મારી બાયડી ફાવે તેવા વર્તન બંધા મારા ઘરના સાથે ફાવે તેવા વર્તન કરે છે. મારી બાયડીનો ત્રાસ વધારે છે એટલે મારે આ પગલુ ભરવુ પડયુ છે કે મારા ઘરનાનો કોઈ વાંક નથી કે આડોશ પાડોશનો પણ વાંક નથી ને હું હોય કે ન હોય મારો છોકરો મારા મા બાપને સોં પી દેવા વિનંતી છે. મારા મોતનુ કારણ હોય તો ત્રણ વ્યકિત છે. (૧) મારી બાયડી (૨)

મારા સસરા (૩) મારી સાસુ અને એમાં જડવણી મારા સસરાની છે. લી. નિલેશ ''. આંક–૨૫ વાળી સ્યુસાઈડ નોટમાંથી એવુ બહાર આવતુ નથી કે તેની પત્ની હેતલને અન્ય ઈસમ સાથે અથવા તો આરોપી નંબર–૪ સાથે આડા સબંધ હતા. મરણજનારે સ્યુસાઈડ નોટમાં એવા પણ કોઈ આક્ષેપો કરેલા ન હતા કે જેથી કરીને તેનુ જીવન દોજખ થઈ જાય. સ્યુસાઈડ નોટમાં લગ્ન વિષયક તકરારથી વિશેષ કંઈ જણાતુ નથી. સ્યુસાઈડ નોટમાં મરણજનારે તેણીના પત્નીનો વર્તન સબંધી ફરીયાદ કરેલી છે. આથી વિશેષ સ્યુસાઈડ નોટથી કોઈ હકિકત સ્પષ્ટ થતી નથી. હવે સ્યુસાઈડ નોટની સાથે સાહેદોનો પુરાવો જવામાં આવે તો સાહેદોએ એક યા બીજી રીતે મરણજનારની પત્ની હેતલ અને આરોપી નંબર–૪ બ્રીજેશ વચ્ચે આડા સબંધ હોવાનો પુરાવો આપવાનો પ્રયત્ન કરેલો છે. જયારે સમગ્ર સ્યુસાઈડ નોટમાં આરોપી નંબર–૪ નો ઉલ્લેખ સુધ્ધા જ નથી. ફરીયાદી તથા સાહેદનો પુરાવો ચીવટ પૂર્વક જોવામાં આવે તો એવુ પણ જણાઈ આવતુ હતુ કે તમામે માત્ર અને માત્ર જાણેલી કે સાંભળેલી હકિકતો જણાવેલી છે. કોઈ પણ સાહેદને આ અંગે અંગત જ્ઞાન હોય અથવા તો નજરે જોયેલુ હોય તેવો પુરાવો નથી. હું એ વાત સાથે પણ સહમત છુ કે વ્યભિચાર સબબના કોઈ સ્પષ્ટ પુરાવા ન હોય. પરંતુ જયારે તમામ સાહેદોએ આ સબબના પુરાવા રજુ કરવાનો પ્રયત્ન કરેલો છે ત્યારે તે સંલગ્ન વિશ્વસનીય અન્ય પુરાવો પણ રજુ થવો જરૂરી છે. સાહેદોએ એ વાતનો સ્વીકાર કરેલો હતો કે તેઓને મરણજનારની પત્ની હેતલ સાથે સારો સબંધ ન હતો અને તેઓની વિરુધ્ધમાં હેતલે અવાર નવાર ફરીયાદો કરતી હતી. આમ સાહેદોનો પુરાવો પુર્વગ્રહ યુકત છે તેવુ કહી શકાય. તેવી જ રીતે સાહેદોના પુરાવામાંથી આરોપી નંબર–૨ અને ૩ ના વિરુધ્ધ કોઈ હકિકત બહાર આવી શકેલી ન હતી. આરોપી નંબર–૨ અને ૩ ગુનામાં કેવી રીતે સહભાગી હતા તેવો લેશમાત્ર પુરાવો ન હતો. આરોપી નંબર–૧ અને ૪ ના સબંધો વ્યભીચાર યુકત હતા તેવુ પણ ઠરાવી શકાય નહી. પુરાવામાં જ આવેલુ હતુ કે આરોપી નંબર–૪ ની પત્ની સરપંચ છે અને ગામમાં નાનામોટા કામ માટે દરેક વ્યકિત આરોપી

નંબર–૪ નો સંપર્ક કરતા હતા. આમ આરોપી નંબર–૧ અને ૪ દલીલ ખાતર પણ ભેગા થયેલા હોય તેથી કરીને તેઓ વિરુધ્ધ વ્યભિચારના આક્ષેપ પુરાવા વગર સ્વીકારી શકાય નહી. સાહેદનો પુરાવો જોતા પણ તેઓમાં અનેક વિરોધાભાસ છે. દરેક સાહેદે પોતાના શબ્દોમાં પુરાવો રજુ કરેલો છે પરંતુ પુરાવાનુ હાર્દ એકરૂપ જણાતુ નથી. બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદોનો પુરાવો શંકા ઉપજાવનારો છે. સાહેદોના મૌખીક પુરાવાથી એવુ સ્થાપીત થતુ નથી કે મરણજનારને આરોપીઓનો એટલો બધો ત્રાસ હતો કે જેથી કરીને નિલેશ (મરણજનાર) ને ગળેફાંસો ખાઈ લેવા મજબુર થવુ પડેલુ હોય અથવા તો આપઘાત કરવા દૃષ્પ્રેરણ કરેલુ હોય.

(૨૮) ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓની ચઢામણી અગર તો ત્રાસના કારણે મરણજનારને આત્મહત્યા કરવાની ફરજ પડેલી. જો કે સમગ્ર ચર્ચા જોતા આ અંગેનો કોઈ પણ પુરાવો ફરીયાદપક્ષ રજુ કરવામાં નિષ્ફળ ગયેલો છે. પુરાવાના પૃથ્થકરણમાં સરળતા ખાતર સૌ પ્રથમ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ ની વ્યાખ્યા જોવામાં આવે તો,

**કલમ : ૩૦૬ :–**

'' કોઈપણ વ્યકિત આત્મહત્યા કરે અને તેમ કરવામાં કોઈ વ્યકિતએ મદદગારી કરી હોય તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની સજા કરવમાં આવશે તથા તે દંડને પાત્ર થશે.''

આમ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ માં આત્મહત્યામાં મદદગારી કરનારને શુ સજા થઈ શકે તેની જોગવાઈ કરવામાં આવેલી છે તેવા સંજોગોમાં મદદગારી કોને કહેવાય તે બાબત પણ સમજવી ખુબ જ આવશ્યક છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૭ માં એબેટમેન્ટ એટલે કે મદદગારી કોને કહેવાય તે વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલુ છે તેવા સંજોગોમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૭ ની જોગવાઈ જોઈએ તો,

**કલમ : ૧૦૭ :–**

કોઈ વ્યકિત કે જે–

(૧) કોઈ બાબત કરવા માટે અન્ય વ્યકિતને ચઢવણી કરે, અથવા,

(૨) કોઈ બાબત કરવા માટે અન્ય એક કે વધુ વ્યકિતઓ સાથે કાવતરામાં સામેલ થવા અને તે કાવતરાના અનુસંધાને કોઈ બાબત કરવામાં આવે કે તે કરવાનુ ગેરકાનૂની રીતે ટાળવામાં આવે, અથવા,

(૩) કોઈ બાબત કરીને અથવા કરવાનુ ગેરકાનૂની રીતે ટાળીને કોઈ બાબત કરવામાં ઈરાદાપૂર્વક સહાય કરે તો તે મબાબતમાં મદદગારી કરે છે.

**(૨૯)** ખોટુ કે ગેરકાયદેસરનુ કૃત્ય કરવા વિચારતી વ્યકિતને તે કરવા માટે ઉશ્કેરણી કે સંડોવણી કરવામાં આવે તો, તેવા કૃત્યને હંમેશા વેગ મળે છે. સ્પષ્ટ રીતે આ એક મનોવૈજ્ઞાનિક બાબત છે, વ્યકિતને માનસિક પ્રક્રિયાને તે સીધી અસર કરે છે. ઈન્સ્ટીગેશન અલગ અલગ રીતે થતુ હોય છે. ઈન્સ્ટીગેશન કયારેક શબ્દોથી થાય, કયારેક લખાણથી થાય, કયારેક વર્તનથી પણ થઈ શકે. આ કલમમાં જે ઈન્સ્ટીગેશન શબ્દ પ્રયોજવામાં આવેલો છે તે ઈન્સ્ટીગેશન એટલે ગુનો કે કૃત્ય કે કોઈ બાબત કરવા માટે દોરી જતી તમામ બાબતો ગણાય. એમ કહી શકાય કે, કશુક કરવા માટેની સંવેદના વ્યકિતમાં પેદા થાય તેને ઉશ્કેરણી અથવા ઈન્સ્ટીગેશન કહી શકાય. મદદગારીના કિસ્સામાં ગુનો બને તે પહેલા મદદગારની સક્રિય મદદગારી હોવી આવશ્યક છે અને આ જોગવાઈમાં જાણી જોઈને, સ્વૈચ્છાપુર્વક, ઈરાદાપુર્વક વિગેરે શબ્દો પ્રયોજવામાં આવેલા છે તેના ઉપરથી એવુ સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે, મદદગારી કરનારનો ગુનાહીત ઈરાદો હોવો જોઈએ તથા પોતે જે કૃત્યથી મદદગારી કરતી હોય તે કૃત્યનુ પરીણામ અથવા સંભવીત પરીણામ તે પ્રથમથી જાણતી હોય. આમ, મદદગારીના કિસ્સામાં માનસિક તત્વ સૌથી અગત્યનુ પરિબળ છે અને મદદગારીના ગુનામાં મદદગારીનો ગુનાહીત ઈરાદો હોય તે આ ગુનાનુ પ્રથમ અને અનિવાર્ય અંગ છે અને આ કલમ હેઠળનો ગુનો સાબિત કરવા માટે આધારભુત પુરાવો આવશ્યક છે. આધારભુત પુરાવો એટલે એવો પુરાવો

કે જે આરોપીને સ્પષ્ટપણે મદદગારી કરવાના કૃત્યમાં સંડોવી શકે. ફરીયાદપક્ષે એવુ સ્પષ્ટ રીતે પુરવાર કરવુ જોઈએ કે આવી વ્યકિતનુ ઈરાદાપુર્વક એવુ વર્તન હતુ કે જેને કારણે તેવી વ્યકિતને આત્મહત્યા કરવા તરફ દોરી જવામાં આવી હોય તેની પાસે આત્મહત્યા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હોય એટલુ જ નહી પરંતુ ફરીયાદપક્ષ તરફથી ''કમ્પેલીગ'' એટલે કે ફરજ પાડતા અને ''એલાર્મીંગ'' એટલે કે ભયસુચક સંજોગો પુરવાર કરવા જોઈએ અને આત્મહત્યા કરવા સિવાય તેની પાસે બીજો કોઈ વિકલ્પ બાકી ન હતો તેવુ પણ પુરવાર કરવુ જોઈએ અને આરોપીને ગુના અંગેની મોટાભાગની ગુનાની તથા ઈરાદાની જાણ હતી.

(૩૦) જીવન દરેકને વહાલુ હોય છે અને દરેક માટે મૃત્યુ હંમેશા દર્દદાયક હોય છે. જયારે જયારે અકુદરતી રીતે કોઈ મૃત્યુ થાય ત્યારે તે વધારે દુઃખદાયક થાય છે. પ્રથમ દૃષ્ટિએ કોઈ વ્યકિતએ કોઈ બનાવના સંદર્ભમાં આત્મહત્યા કરી હોય ત્યારે સ્વાભાવિક જ આત્મહત્યા કરનાર તરફ અને તેના કુટુબની વ્યકિત તરફ કોઈને પણ સીમ્પથી થાય અને જે વ્યવહારથી તે આત્મહત્યા થઈ છે તેવુ જણાય અને તે વ્યવહારમાં જવાબદાર હોય તેવી વ્યકિત બાબત પ્રથમ દ્રષ્ટિએ જ તે જોનાર લોકોને ધૃણા થાય, પરંતુ આપણી સેન્ટીમેન્ટસ કે લાગણીને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોના ઉપર લઈ જઈ શકાય નહી.

(૩૧) દરેકે દરેક આત્મહત્યામાં મદદગારી હોય જ તેવુ કહી શકાય નહી. કયારેક આત્મહત્યા કરનારની નિર્બળતા, આવેગ કે આવેશ તે વ્યકિતની લાગણીશીલતા અને કયારેક કોઈક સંજોગોમાં ક્રોધ કે નિરાશા કે સમજનો અભાવ પણ વ્યકિતને આત્મહત્યા તરફ દોરી જતી હોય છે. કયારેક કોઈક વ્યકિત ધ્વારા ગેરવર્તન કરવામાં આવે તો તેવી ગેરવર્તણુક આત્મહત્યા કરવા માટે ઉશ્કેરણીજનક હતી તેવુ કહી શકાય નહી. હું આ કામે બન્ને પક્ષોની દલીલો તેમજ રેકર્ડ પરનો પુરાવો ચીવટપુર્વક જોઈ ગયેલો છુ. આ કામના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કોડની કલમ–૩૦૬ મુજબનો આરોપ

મુકવામાં આવેલો છે. જે મુજબ આરોપીએ મરણજનારને આત્મહત્યા કરવામાં મદદગારી કરી હોવાનું પુરવાર કરવુ અનીવાર્ય છે. મદદગારીની વ્યાખ્યા ઈ.પી.કોડની કલમ–૧૦૭ માં આપવામાં આવેલી છે.

(૩૨) આમ, ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનુ તહોમત પુરવાર કરવા માટે તેને આત્મહત્યામાં મદદગારી કરી હોવાનું પુરવાર કરવુ આવશ્યક છે. પરંતુ રેકર્ડ ઉપરથી ચોકકસ એવુ પણ પુરવાર થઈ શકેલ ન હતુ કે મરણજનાર નિલેશભાઈનુ મૃત્યુ એક માત્ર ગળે ફાંસો ખાવાના કારણે થયેલુ હોય. ફરીયાદપક્ષના કેસ મુજબ આપઘાત કરવા માટે આરોપીઓની ઉશ્કેરણી જવાબદાર હતી. જો કે સમગ્ર પુરાવો જોતા આરોપીઓએ મરણજનારને છેલ્લા કેટલાક સમયથી મરવા માટે ઉશ્કેરણી કરેલી હોય કે દુષ્પ્રેરણ કરેલુ હોય તેવો કોઈ પુરાવો આવેલો નથી. ટુંકમાં, આ કામના આરોપીઓએ ગુનાહિત ઈરાદા સાથે મરણજનારને મરવા માટે ચઢવણી કરી હોય, ઉશ્કેરણી કરી હોય કે કોઈ કાવતરુ રચેલુ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલો નથી અગર તો આરોપીઓના સીધા દોરી સંચાર હેઠળ મરણજનારે આત્મહત્યાનુ પગલુ ભરેલુ છે તેવો પણ કોઈ પુરાવો જણાઈ આવતો નથી. સાથે સાથે તેવુ પણ કોઈ પુરાવો નથી કે બનાવ બન્યાના થોડાક સમય પહેલા મરણજનાર સાથે આરોપીઓએ કે તેઓ પૈકી કોઈ એક સાથે બોલાચાલી થયેલી હોય. અગર તો ઝગડો કંકાસ થયેલો હોય.

(૩૩) ટુંકમાં, સમગ્ર પુરાવાઓની એકી સાથે ચર્ચા કરવામાં આવે તો એવું જણાઈ આવે છે કે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ સ્યુસાઈડ નોટના આધારે ઈ.પી.કો. કલમ ૩૦૬ મુજબનો કેસ લઈને આવેલા છે. ફરીયાદપક્ષના કેસનો આધાર સ્યુસાઈડ નોટ હતી. જો કે કહેવાતી સ્યુસાઈડ નોટ મરણજનારે લખી હોય તેવુ ફરીયાદપક્ષ શંકા રહીત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે. મરણજનારના કુટુંબીજનોએ કહેવાતી સ્યુસાઈડ નોટ સબંધે કોઈ પુરાવો આપેલો નથી તેમજ મરણજનાર આત્મહત્યા કરે તેવુ પણ તેમના

પુરાવામાંથી બહાર આવેલું નથી. મરણજનાર લખી વાંચી શકતા હોય તેવો પણ કોઈ પુરાવો આવી શકેલો ન હતો. કહેવાતી સ્યુસાઈડ નોટમાં ત્રુટક–ત્રુટક વિગતો હતી. બચાવપક્ષે તો માત્ર ફરીયાદપક્ષના રજુ થયેલા પુરાવાઓ ઉપર શંકા ઉપસ્થિત કરવાની હોય છે. હાથ પરના કામે બચાવપક્ષની આ શંકાનું ફરીયાદપક્ષ ખંડન કરી શકેલ નથી. ફરીયાદપક્ષના સાહેદોના પુરાવામાંથી જ આરોપીઓ વિરૂધ્ધના તહોમતનો છેદ ઉડી જાય છે. તેવી જ રીતે કહેવાતી સ્યુસાઈડ નોટ અધુરી, અસ્પષ્ટ, અપુરતી હોય તેને ફરીયાદપક્ષના કેસનો મહત્વનો આધાર માની શકાય નહી. આ કામે તપાસ કરનાર અધિકારીનો પુરાવો પણ શંકાનું સમાધાન કરી શકેલ નથી. આરોપીઓને ઈ.પી.કોડની કલમ–૩૦૬ના ગુના માટે ગુનેગાર ઠરાવવા ફરીયાદપક્ષે આરોપીઓ તરફથી મરણજનારને શારીરીક અને માનસિક ત્રાસ હતો અને તે ત્રાસ મરણજનારને આત્મહત્યા કરી જીદગીનો અંત આણવા મજબુર કરે તેટલો અસહ્ય હોવાનુ પુરવાર કરવુ પડે. પુનરાવર્તન સાથે ફરી જણાવું છું કે મરણજનારના સ્યુસાઈડ નોટમાં આરોપીઓ વિરુધ્ધ એવા કોઈ ગંભીર આક્ષેપો ન હતા કે જેથી કરીને આરોપીઓએ તેને (મરણજનારને) મરવા માટે પ્રેર્યા હોય. તેવીજ રીતે એવો પણ પુરાવો નથી કે મરણજનાર છેલ્લા કેટલાંક સમયથી માનસીક હતાશામાં રહેતાં હતાં તેમજ અન્ય કોઈ સમર્થનકારી પુરાવો પણ ઈ.પી.કોડની કલમ–૧૦૭ માં વ્યાખ્યા કર્યા મુજબ આરોપીઓ તરફથી મરણજનાર નિલેશભાઈને આત્મહત્યા કરવા મજબુર કરે તેવો ત્રાસ અપાતો હોવાનુ સાબિત થયેલું નથી. ટુંકમાં આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા ઉપરથી મરણજનાર નિલેશભાઈને આરોપીઓ તરફથી આત્મહત્યા કરી જીદગીનો અંત લાવવા મજબુર થાય તે મુજબનો ત્રાસ હોવાનુ પુરવાર થયેલ ન હોય, આરોપીઓને રજુ થયેલ પુરાવા આધારે તેમની સામેના આક્ષેપ નિ:શંકપણે પુરવાર માની દોષીત ઠરાવી શકાય તેવો પુરાવો ન હોય, ઉપરોકત ચર્ચાને અંતે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કહેવાતો આરોપ નિ:શંકપણે પુરવાર કરવામાં અસફળ રહેલ છે. તે જ રીતે આ કામના તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં કોઈ ગુનો આચરેલો હોય તેવુ ફરીયાદપક્ષના

પુરાવામાંથી બહાર આવતું નથી. ઉપરોકત ચર્ચાને અંતે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કહેવાતો આરોપ નિ:શંકપણે પુરવાર કરવામાં અસફળ રહેલ છે. આરોપીપક્ષે જે બચાવ મુકેલો છે તે ધ્યાને લેતાં પણ ફરીયાદપક્ષનો કેસ શંકાથી પર નથી. ટુંકમાં, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનુ આંક–૮ નું તહોમતનામુ પુરવાર કરવામા સરેઆમ નિષ્ફળ ગયેલા હોય, મુદ્દા નંબર––ર નો ઉત્તર નકારમાં આપી, ન્યાયના હિતમાં છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે :–

**<u>: : હુકમ : :</u>**

**૧.** ક્રિ. પ્રો. કો. ની કલમ–૨૩૫(૧) અન્વયે આ કેસના તમામ આરોપીઓ (૧)હેતલબેન નિલેશભાઈ અંબાલાલ સોલંકી, ઉ. વ. ૬ર,રહે. વિરોલ , હાલ રહે. મઘરોલ, તા. સોજીત્રા, જી. આણંદ (૨) પુનમભાઈ અંબાલાલ રાઠોડ, ઉ. વ. ૪૭, રહે. મું. મઘરોલ, ઠે. પોસ્ટ ઓફીસવાળું ફળીયું, તા. સોજીત્રા, જી. આણંદ. (૩) ચંપાબેન પુનમભાઈ અંબાલાલ રાઠોડ, ઉ. વ. ૪૬, રહે. મું. મઘરોલ, ઠે. પોસ્ટ ઓફીસવાળું ફળીયું, તા. સોજીત્રા, જી. આણંદ અને (૪) બ્રિજેશભાઈ ઉર્ફે રામુ મનોરભાઈ પઢીયાર, ઉ. વ. ૩ર, રહે. મુ. વિરોલ, ઠે. રણછોડજીવાળુ ફળીયું, તા. પેટલાદ, જી. આણંદ નાઓને તેમની સામેનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો ના–સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૩૭(એ) અન્વયે હુકમ કરવામાં આવે છે કે, આ ચૂકાદા સામે અપીલ/રીવીઝન નો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે સંબંધે આરોપીની હાજરી ઉપલબ્ધ થાય તે માટે આરોપીએ રૂ. ૧૦,૦૦૦ (રૂપિયા દસ હજાર) પુરાવામાં સધ્ધર સ્થાવર મિલ્કત ધરાવતા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા અને આરોપીએ આપેલ આ જામીનખત તથા જાત મુચરકા આ હુકમથી ૦૬ માસ સુધી અસ્તીત્વમાં રહેશે.

**3.** મુદામાલ પાવતી માં જણાવેલ તમામ મુદામાલ અપીલ સમયે વિત્યે બાદ નાશ કરવો.

આ હુકમ આજ તારીખ : ૦૬ઠ્ઠી માહે : ફેબ્રુઆરી, સને ૨૦૨૪ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તથા કોર્ટનો સહી સિક્કો કરાવી જાહેર કરેલ.

| | |
|---|---|
| | (સુનીલ એમ. ટાંક) |
| તારીખ: ૦૬/૦૨/૨૦૨૪ | અધિક સેશન્સ જજ |
| સ્થળ :પેટલાદ | પેટલાદ |
| | જીજે–૦૦૫૮૬ |